بسم الله الرحمن الرحيم

## કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

# મઆરિફુલ કુર્આન

## ગુજરાતી

**મૂળ લેખક**

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

**અનુવાદક**

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)

**પ્રકાશક**

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

**સ્થાપક તથા મોહતમિમ**

**જામિઅતુલ બનાત ટંકારીઆ**

મુ.પો. ટંકારીઆ,

તા. જિ. ભરૂચ (ગુજરાત)





www.maarifulqurangujarati.com


**કાનૂની ચેતવણી:** ● આ તફસીરનો હેતુ ફી-સબિલિલ્લાહ પ્રચાર પ્રસારનો છે, જેથી કોઈપણ વ્યક્તિએ પ્રસ્તુત વેબસાઈટના કોઈપણ સાહિત્યનો અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ વેપારી ધોરણે કરવાની અથવા કિતાબ સ્વરૂપે છપાવવાની સખત મનાઈ છે. માત્ર ઓનલાઈન શેરીંગ કોઈપણ પ્રકારના એડીટીંગ સિવાય કરી શકાય છે.

● પ્રકાશક પાસે આ તફસીરના પ્રિન્ટેડ કોપીના સર્વ હક્ક કોપી રાઇટેડ હોવાના કારણે મઆરિફુલ કુર્આન ગુજરાતીમાંથી પ્રકાશક અને અનુવાદકનો પ્રિન્ટેડ કોપીનો પેજ નંબર, ભાગ નંબરનો હવાલો આપી કોઈ ફકરો કે વાક્ય કોઈ કિતાબ અથવા લેખમાં કોઈપણ જાતના એડીટીંગ વિના લખી / છાપી શકાય છે.

● આ બાબતોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની સખત ચેતવણી આપવામાં આવે છે.


નોંધ : મઆરિફુલ કુર્આન ગુજરાતીના ૧૧ ભાગોની હાર્ડ પ્રિન્ટેડ કોપી મેળવવા માટે પ્રકાશક હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સાહબનો સંપર્ક કરવા વિનંતી છે.


Designed and Typesetting By: **Safwan Patel Khanpuri**

પ્રકરણ (૧૦૪)

# સૂરએ હુમઝહ

સુરએ હુમઝહ મક્કામાં નાઝિલ થઈ, તેની નવ આયતો છે.

**આયતો : (સૂરએ હુમઝહ : આયત નં. ૧ થી ૯)**

(۱٠۴) سُوْرَةُ الْهُمَزَةِ مَكِّيَّةٌ (۳۲) — اٰيَاتُهَا ۹ — رُكُوْعُهَا ۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَيْلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةِ ۙ﴿۱﴾ الَّذِيْ جَمَعَ مَالًا وَّعَدَّدَهٗ ۙ﴿۲﴾ يَحْسَبُ اَنَّ مَالَهٗ

اَخْلَدَهٗ ۚ﴿۳﴾ كَلَّا لَيُنْۢبَذَنَّ فِي الْحُطَمَةِ ۖ﴿۴﴾ وَمَآ اَدْرٰىكَ مَا الْحُطَمَةُ ۭ﴿۵﴾ نَارُ اللّٰهِ

الْمُوْقَدَةُ ۙ﴿۶﴾ الَّتِيْ تَطَّلِعُ عَلَى الْاَفْـِٕدَةِ ۭ﴿۷﴾ اِنَّهَا عَلَيْهِمْ مُّؤْصَدَةٌ ۙ﴿۸﴾ فِيْ عَمَدٍ مُّمَدَّدَةٍ ﴿۹﴾ ع

**તરજુમો / તફસીર :**

*અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.*

*દરેક મહેણાં મારનાર ટીકાખોરની મહા ખરાબી છે, (૧) જે ધન એકઠું કરે છે અને તેને ગણી ગણીને રાખે છે. (૨) તે ધારે છે કે તેનો માલ તેની પાસે સદા રહેશે. (૩) હરગિઝ (રહેશે) નહિ. ખરેખર, તે માણસને ભાંગીતોડી નાખનારી (આગ)માં ફેંકવામાં આવશે (૪) અને તું શું સમજ્યો કે તે ભાંગીતોડી નાખનારી શું વસ્તુ છે ? (૫) તે અલ્લાહની સળગાવેલી એક આગ છે, (૬) જે (શરીરને લાગતાં જ) દિલોની ખબર લઈ નાખશે. (૭) બેશક, તે આગ તેઓના ઉપર બંધ કરી દેવામાં આવશે. (૮) (તો તે લોકો આગના) લાંબા લાંબા થાંભલાઓમાં (કેદ હશે.) (૯)*

**વિસ્તૃત વિવરણ :**

આ સૂરતમાં ત્રણ કઠોર ગુનાહો ઉપર કઠોર અઝાબની ધમકી અને ફરી તે

અઝાબની ભયાનકતાનું વર્ણન છે તે ત્રણ ગુનાહો આ છે, همز، لمز، جمع مال તેમાં હમ્ઝ અને લમ્ઝ કેટલાક અર્થો માટે ઉપયોગ થાય છે. ઘણા તફસીરકારોએ જે અપનાવ્યું છે તે એ છે કે હમ્ઝનો અર્થ ગીબત એટલે કે કોઈની ગેરહાજરીમાં તેની પીઠ પાછળ તેની ખામીઓ અને એબોનું વર્ણન કરવું અને લમ્ઝનો અર્થ કોઈની સામે તેને મ્હેણા ટોણા મારવા અને કટાક્ષ કરી બુરું કહેવું. આ બંને બાબતો ઘણો સખત ગુનોહ છે. ગીબતની ધમકીઓ કુર્આન અને હદીષમાં ખૂબ વધારે છે જેનું કારણ એ હોઈ શકે છે કે આ ગુનાહમાં સંડોવાવામાં કોઈ અવરોધ સામે હોતો નથી અને જે તેમાં પ્રવૃત્ત થઈ ગયો તે આગળ વધતો જ ચાલ્યો જાય છે તેથી આ ગુનોહ મોટાથી મોટો અને વધારેથી વધારે થતો ચાલ્યો જાય છે તેનાથી વિપરીત સામ સામે કહેવાથી ક્યાંક સામેવાળો વ્યક્તિ પોતાના બચાવ માટે તૈયાર હોય છે તેથી ગુનાહને મોટો થવાની શક્યતા ઓછી હોય છે. તદુપરાંત કોઈની ગેરહાજરીમાં તેની પીઠ પાછળ તેની ખામીઓ અને એબોનું વર્ણન કરવું એટલા માટે પણ ઘણો મોટો અત્યાચાર છે કે તેને બીચારાને ખબર પણ નથી કે મારા ઉપર શું આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે કે તે પોતાની સફાઈ રજુ કરી શકે.

એક સ્વરૂપે લમ્ઝ વધારે કઠોર છે, કોઈને તેની સામે ખરાબ કહેવું તેનું અપમાન અને તિરસ્કાર પણ છે અને તેને તેની પીડા પણ ખૂબ સખત થાય છે. આ જ આધારે તેનો અઝાબ પણ ઘણો સખત છે. હદીષ શરીફમાં રસૂલે કરીમ ﷺએ કહ્યું, شِرَارُ عِبَادِ اللّٰهِ تَعَالٰى اَلْمَشَّاءُوْنَ بِالنَّمِيْمَةِ الْمُفَرِّقُوْنَ بَيْنَ الْاَحِبَّةِ الْبَاغُوْنَ الْبُرَآءَ الْعَنَتَ એટલે કે અલ્લાહના બંદાઓમાં અતિદુષ્ટ લોકો તે છે જેઓ ચુગલખોરી કરે છે અને મિત્રો વચ્ચે ફાટફૂટ નાંખે છે અને નિર્દોષ લોકોની ખામીઓ શોધતા ફરે છે.

ત્રીજી ટેવ જેના ઉપર અઝાબની ધમકી આ સૂરતમાં આવી છે તે માલની લાલચ અને મહોબ્બત છે, તેને જ આયતમાં આ રીતે ઓળખાવવામાં આવ્યું છે કે લાલચ અને માલની મહોબ્બતના કારણે તે તેને વારંવાર ગણતો રહે છે કારણ કે બીજી આયતો અને રિવાયતો એ બાબત ઉપર સાક્ષી છે કે માલને એકઠું કરવું કોઈ હરામ અથવા ગુનોહ નથી તેથી અહીંયાં પણ ભાવાર્થ એવું એકઠું કરવું છે જેમાં વાજિબ હકો અદા કરવામાં ન આવ્યા હોય અથવા ગર્વ અને અભિમાનનો

હેતુ હોય અથવા તેની મહોબ્બતમાં ઓતપ્રોત થઈને દીનની જરૂરિયાતોથી બેદરકાર થઈ જાય.

تَطَّلِعُ عَلَى الْأَفْئِدَةِ એટલે કે આ જહન્નમની આગ દિલો સુધી પહોંચી જશે. આમ તો દરેક આગનું લક્ષણ એ જ હોય છે કે જે વસ્તુઓ પણ તેમાં પડે તેના બધા જ ભાગોને તે સળગાવી દે છે, માનવીને જો તેમાં નાંખવામાં આવશે તો તેના બધા જ અવયવોની સાથે તેનું દિલ પણ સળગી જશે. અત્રે જહન્નમની આગની આ લાક્ષણિકતા એટલા માટે વર્ણન કરવામાં આવી કે દુનિયાની આગ જ્યારે માનવીના શરીરને લાગે છે તો તેના દિલ સુધી પહોંચતા પહેલાં જ મોત આવી જાય છે તેનાથી વિપરીત જહન્નમની આગ કે જેમાં મોત તો આવવાની નથી અને દિલ સુધી આગનું પહોંચવું જીવંત રહેવાની પરિસ્થિતિમાં થાય છે અને દિલના સળગવાની તકલીફ અને પીડા પોતાની જિંદગીમાં માનવી અનુભવ કરે છે.

تَمَّتْ سُوْرَةُ الْهُمَزَةِ بِحَمْدِ اللّٰهِ تَعَالٰى

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ હુમઝહ પૂર્ણ થઈ.

□□□□□□□□□□

**તારીખ :** ૦૪ માર્ચ ૨૦૧૫ મુતાબિક ૧૨ જમાદિઉલ અવ્વલ ૧૪૩૬ હિજરી

**ગુજરાતી અનુવાદક :** ઇલ્યાસ પટેલ ખાનપુરી

મઆરિફુલ કુર્આનની ગુજરાતી ... www.maarifulqurangujarati.com